the bell foundation

# તમારા બાળકને શીખવામાં મદદ કરે છે

# વધારાની ભાષા (EAL) તરીકે અંગ્રેજી વાપરતા વિદ્યાર્થીઓનાં માતાપિતા માટે માર્ગદર્શન

## આ કેમ વાંચવું?

અહીં તમે તમારા માટે પ્રેક્ટિકલ વિચારો શોધી શકો છો:

1. શાળા જીવન સાથે સંકળાયેલા
2. તમારા બાળકને શીખવામાં મદદ કરે

## 1. શાળા જીવન સાથે સંકળાયેલા

યુકેની શાળાઓ ઇચ્છે છે કે માતાપિતા શાળાના જીવનમાં સક્રિયપણે સામેલ થાય અને જો તમને અંગ્રેજી પર આત્મવિશ્વાસ ન હોય અથવા કામની પ્રતિબદ્ધતાઓ હોય તો તમને તેમાં સામેલ થવામાં તે મદદ કરશે.

**સહાય કરવા માટે અહીં કેટલાક વિચારો:**



- જો તમને કેટલાક લખાણ જેમ કે શાળાના પત્રો અથવા શાળાની વેબસાઇટ સમજવામાં મુશ્કેલી લાગે, તો શાળાને કહો.

- જો શાળાના સ્ટાફ તમારાથી ખૂબ ઝડપથી બોલી રહ્યા હોય અથવા એવા શબ્દો વાપરે જે તમે જાણતા નથી તો તેમને કહો. અહીં કેટલાક નમ્ર વાક્યાંશો છે જે તમે આના માટે વાપરી શકો:
  - *Could you speak more slowly, please? (મહેરબાની કરીને, શું તમે વધુ ધીરેથી બોલી શકશો?)*
  - *Could you say that again? I didn't understand. (શું તમે તે ફરીથી કહી શકો? મને સમજાયું નહીં.)*
  - *I'm sorry, but I didn't understand you. Could you please repeat that? (માફ કરશો, પણ હું તમને સમજી શક્યો નહીં. શું તમે તે ફરીથી બોલી શકો?)*
  - *Could you please tell me what ________ means? (કૃપા કરી, શું તમે મને ________ અર્થ સમજાવી શકો?)*
  - *Could you repeat that word, please? I don't know what it means. (કૃપા કરીને, શું તમે તે શબ્દ ફરીથી બોલી શકો? તેનો અર્થ શું છે તે મને ખબર નથી.)*
  - *Could you speak louder, please? I cannot hear what you said. (મહેરબાની કરીને, શું તમે મોટેથી બોલી શકશો? તમે જે કહ્યું તે હું સાંભળી શકતો નથી.)*



- તમને શાળાની વાતચીત વધુ સારી રીતે સમજવામાં શું મદદ કરશે તે શાળાને કહો દા.ત. બોલાયેલ વાતચીતનું ભાષાંતર

- શાળાને કહો, ક્યારે શ્રેષ્ઠ **સમય** છે  તમારો સંપર્ક કરવા માટે, અને શ્રેષ્ઠ **સંપર્ક નંબર** 

- જો પરિવારમાં કોઇ અન્ય સભ્ય હોય જેની અંગ્રેજી વધુ સારી હોય અને તે શાળા સાથે વાતચીત કરવામાં મદદ કરી શકે તો શાળાને જણાવો

- શાળા અને તમારા બાળકના શિક્ષણ વિશે માહિતી માટે શાળાને પૂછો. આ માહિતી તમારી ઘરેલુ ભાષામાં ભાષાંતર કરવા માટે પૂછો. તમારે આ બાબતે પૂછવું જોઇએ:
  - શાળાનું સમયપત્રક
  - તમારા બાળકનું હોમવર્ક
  - પરીક્ષાઓ અને ટેસ્ટો (આને કેટલીકવાર 'અસેસમેન્ટ' કહેવામાં આવે છે) હાજરી
  - Attendance
  - અભ્યાસક્રમ અને મુખ્ય તબક્કાઓ
- તમારા જેવી જ ભાષા બોલતા અન્ય માતાપિતા સાથેના માતાપિતા સમૂહમાં જોડાઓ. જો શાળામાં સમૂહ ના હોય, તો તેમને એક શરૂ કરવાનું કહો.
- પેરેન્ટસ ઈવનિંગમાં હાજર રહો. જો તમને તમારી અંગ્રેજી વિશે ચિંતા હોય, તો તમે તમારા બાળકની પ્રગતિ વિશે વાત કરવા શિક્ષક સાથે રૂબરૂ મીટિંગની વિનંતી કરી શકો છો. તમે શાળાને તમારી સહાય માટે જો કોઈ દુભાષિયા હોઈ શકે તો તે પણ પૂછી શકો .

## 2. તમારા બાળકના શિક્ષણને કેવી રીતે સહાય કરવી

યુકેની શાળાઓ બાળકોને હોમવર્ક કરવાની અને માતાપિતાને હોમ લર્નિંગ માટે મદદ અને પ્રોત્સાહિત કરે તે અપેક્ષા રાખે છે.

**તમે તમારા બાળકને શીખવામાં કેવી રીતે મદદ કરી શકો તે માટેના કેટલાક વિચારો અહીં છે:**

- તમારા બાળકની શાળાને તેમની 'હોમવર્ક પોલિસી' માટે પૂછો જેથી તમને ખબર પડે કે શાળા શું અપેક્ષા રાખે છે, અને પછી તમે તમારા બાળકને તેમના હોમવર્કમાં મદદ કરી શકો
- હોમવર્ક સાથે બાળકોને સહાય કરવા:
  - તમારી પ્રથમ ભાષામાં અભ્યાસ કરેલા વિષયો વિશે પ્રશ્નો પૂછો અને વાત કરો
  - તમારા બાળકને શબ્દોના ભાષાન્તર માટે દ્વિભાષી શબ્દકોશ વાપરવા પ્રોત્સાહિત કરો
  - તમારા બાળકને યાદ કરવામાં મદદ કરવા અંગ્રેજી અને / અથવા તેમની પ્રથમ ભાષામાં કોઈપણ નવા શબ્દો લખવા માટે પ્રોત્સાહિત કરો
  - જો તમારા બાળક કંઈક સમજી શકતા નથી તો તેમને તેમના શિક્ષકોને પૂછવા માટે પ્રોત્સાહિત કરો
- ઘરે તમારા બાળક સાથે વાંચો. આ તમે તમારી પ્રથમ ભાષામાં કરી શકો અને ચિત્રો વિશે અને વાર્તામાં શું થઇ રહ્યું છે તે વિશે વાત કરી શકો. મોટા બાળકો પાસે તમે તેમનું વાંચવાનું સાંભળી શકો અને જો તેઓ તેનો અર્થ શું છે તે જાણતા ના હોય તો શબ્દોનો અનુમાન લગાવવા માટે કહી શકો. આ વેબસાઇટોમાં ઢગલાબંધ વાર્તાઓ છે જે વિવિધ ભાષાઓમાં છે અને તે મફત છે: **વિશ્વ વાર્તાઓ** અને **સાક્ષરતા માટે એક થવું**.
- તમારા અંગ્રેજી સુધારવામાં સહાય માટે ક્લાસમાં જોડાઓ. કેટલીક શાળાઓ માતાપિતા માટે અંગ્રેજી ક્લાસિસ ચલાવે છે તેથી જો આ ઉપલબ્ધ હોય તો તેમને પૂછો. તમે તમારી સ્થાનિક ફરદર એજ્યુકેશન કોલેજમાં ESOL ક્લાસિસ પણ મેળવી શકો છો. જો તમે કોઈ ક્લાસમાં જોડાઈ ના શકો, અથવા સ્વતંત્ર રીતે શીખવા માંગતા હોવ તો, તમે .**બ્રિટિશ કાઉન્સિલમાંથી** મફતમાં અંગ્રેજી અભ્યાસ શોધી શકો.

ધ બેલ ફાઉન્ડેશન
હિલ્સક્રોસ
રેડ ક્રોસ લેન
કેમ્બ્રિજ
CB2 0QU

www.bell-foundation.org.uk

**કૉપિરાઇટ**

સર્વહક સ્વાધીન આ પ્રકાશનના કોઈપણ ભાગને કૉપિરાઇટ માલિકની લેખિત પરવાનગી વિના, કોઈપણ સ્વરૂપમાં (ઇલેક્ટ્રોનિક માધ્યમથી ફોટોકોપી અથવા કોઈપણ માધ્યમમાં સંગ્રહિત કરવા અને આ પ્રકાશનના ક્ષણિક રૂપે અથવા આકસ્મિક રીતે આ પ્રકાશનના કેટલાક અન્ય ઉપયોગ માટે સંગ્રહિત કરવા સહિત) પુનઃપ્રકાશિત થઇ શકશે નહીં. કૉપિરાઇટ માલિકની આ પ્રકાશનના કોઈપણ ભાગને પુનઃપ્રકાશિત કરવાની લેખિત પરવાનગી અરજીઓ પ્રકાશકને સંબોધિત કરવી જોઇએ.

કૉપિરાઇટટ © ધી બેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત)

બેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ લિમિટેડ એક ચેરીટેબલ કંપની છે જે ગેરન્ટી નંબર 1048465 થી મર્યાદિત છે, જે 5 એપ્રિલ 1972 ના રોજ સ્થાપિત થઇ હતી, અને ચેરિટી કમિશન નંબર 311585 સાથે એક ચેરિટી તરીકે નોંધાયેલ છે